અપીલ અરજી નં.૪૯ તા.૧૦–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રવિ સિંહ ડી.
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રવિ સિંહ ડી.ની તા.૫–૪–૧૦ની અરજીથી (૧) પ્લોટ નં.૧૦ પાછળ બાંધકામ ચાલતું હોય છે. બાંધકામનું સ્થળ ના મળે તો અરજદાને સંપર્ક કરવા વિનંતી. (૨) કેટલા માળની પરવાનગી આપી છે. તેની વિગતવાર માહિતી આપવા વિનંતી (૩) તેને નોટિસ આપી છે કે કેમ હા હોય તો તેની નકલ વિ. માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૯/૨૦૧૦–૧૧

શ્રી રવિ સિંહ ડી.ની તા.૫–૪–૧૦ની અરજીથી (૧) પ્લોટ નં.૧૦ પાછળ બાંધકામ ચાલતું હોય છે. બાંધકામનું સ્થળ ના મળે તો અરજદાને સંપર્ક કરવા વિનંતી. (૨) કેટલા માળની પરવાનગી આપી છે. તેની વિગતવાર માહિતી આપવા વિનંતી (૩) તેને નોટિસ આપી છે કે કેમ હા હોય તો તેની નકલ વિ. માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૪ તા.૧૯–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીમાં ફી ભર્યાની વિગત તથા આપે માંગેલી માહિતી " પ્લોટ નં.૧૦ પાછળ" લોકેશન પર્યાપ્ત નથી જાહેર માહિતી અધિકારીને આપના ધ્વારા પૂરી વિગત ચોકકસ સ્થળ સહિત આપેલ છે કે કેમ? તેની વિગતો પૂરી પાડવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૮૫ તા.૨૬–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૮૨ તા.૨૫–૫–૧૦ ના પત્રની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૫–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારને નિર્દિષ્ટ સમય મર્યાદામાં માહિતી નહીં મળતા તા.૧૦–૫–૧૦ ના રોજ માહિતી મળેલ નથી. તેમજ પત્ર પાઠવેલ નથી યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી સાથે માહિતી પૂરી પાડવા અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને અપીલ તબકકે નં.સા.ઝોન/ટેક./૨૮૨ તા.૨૫–૫–૧૦ થી "પ્લોટ નં. ૧૦ ની પાછળ ના બાંધકામ સબબ જવાબ ઝોન કચેરીએથી પાઠવેલ છે. તેમજ સદર બાંધકામના રૂબરૂ સ્થળ તપાસ અંગે ઝોન કચેરીના સબંધિત સ્ટાફને ઓફિસ દસમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. " તેવું જણાવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ વિગત પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશનર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રવિ સિંહ ડી.